TATA

# એનએફઓ બંધ થાય છે 21 ઓક્ટોબર, 2011.
# યુનિટ દરેકના ₹ 10/-

TATA MUTUAL FUND

Expertise that's trusted




## તમે ઉંમર પ્રમાણે બદલો છો તો તમારા નિવૃત્તિ નિયોજનનું પણ એવું ન હોવું જોઈએ?

# TATA RETIREMENT SAVINGS FUND

(An open-ended fund comprising three plans)

### 30-30નો પડકાર

એક બાજુ ઉત્તમ આરોગ્ય સંભાળ અને અંગત સંભાળ તથા બીજી બાજુ રહેણીકરણીના સુધરતાં ધોરણોને લીધે લોકો વધુ ને વધુ આરોગ્યવર્ધક બની રહ્યા છે અને વધુ જીવી રહ્યા છે. આવા સંજોગોમાં નજીકના ભવિષ્યમાં 85 વર્ષ સુધી લોકો આસાનીથી જીવી જાય તેમાં કોઈ નવાઈ નહીં રહે.

ઉપરાંત ફુગાવો ‘‘સાઈલેન્ટ–કિલર’’ બની રહ્યો છે. તે નાણાંની ખરીદશક્તિ અને તમારાં રોકાણો પર વળતરો પણ ઘટાડી રહ્યો છે. પારંપરિક નિવૃત્તિ રોકાણો ફુગાવાની આ ખાધ કરતી શક્તિને મારવામાં સક્ષમ ન પણ ઠરે. આ રોકાણો નિશ્ચિત જરૂરી છે, પરંતુ તે જરૂરીયાતની સ્થિતિમાં પૂરતાં ન પણ નીવડે.

જો એવું ધારવામાં આવે કે એક વ્યક્તિ સરેરાશ 55ની ઉંમર સુધી કામ કરશે તો તેનો અર્થ એવો છે કે તે/તેણીનાં ‘‘ઉત્પાદક’’ વર્ષો 30 રહેશે. ઉપરાંત જો તે/તેણી 85 વર્ષ સુધી જીવે તો તે/તેણીને 30 વર્ષનું નિવૃત્તિ જીવન વિતાવવાનું આવે છે. આથી વ્યક્તિ માટે પડકાર એ છે કે આ ‘‘બિનઉત્પાદક’’ નિવૃત્તિનાં વર્ષોને ‘‘ફન્ડ’’ કઈ રીતે પૂરું પાડવું. આ **‘‘30-30’’ પડકાર** છે.

આ પડકાર ઝીલવો મહત્ત્વનું છે અને **‘‘વૃદ્ધાવસ્થાની ગરીબી’’** નિવારવી જોઈએ. હવે સ્વૈચ્છિક નિવૃત્તિ ભંડોળ બનાવવા માટે છે તે મોટી આવશ્યકતા અગાઉ ક્યારેય નહોતી.

### સંપત્તિ ફાળવણી એ નિવૃત્તિ નિયોજનમાં મુખ્ય છે

લોકોની ઉંમર વધે તેમ તેમની સંપત્તિ ફાળવણીમાં પરિવર્તન આવે છે. તેઓ યુવા હોય ત્યારે સંપત્તિ બચાવી જરૂરી છે, કારણ કે તેમની પાસે હાથમાં ‘‘સમય’’ હોય છે. ‘‘ઈક્વિટીઓ’’ સંપત્તિ નિર્માણ સંપત્તિ વર્ગ છે. જોકે તે લાંબે ગાળે વળતરો ઊપજાવે છે. આથી સમય એ મહત્ત્વપૂર્ણ ‘‘ભાગ’’ છે.

લોકો ‘‘મધ્યમ–ઉંમરે’’ પહોંચે તેમ તેમની સંપત્તિની આવશ્યકતાઓમાં ‘‘ઈક્વિટી’’નું પ્રમાણ ઘટે છે, જયારે ‘‘ડેબ્ટ’’ની આવશ્યકતાઓનું પ્રમાણ વધે છે.

લોકો ''વૃદ્ધાવસ્થા''માં પહોંચે છે ત્યારે ‘‘ઈક્વિટી’’ના પ્રમાણમાં ઓર ઘટાડો અને ‘‘ડેબ્ટ’’ના પ્રમાણમાં પરિણામકારક વધારા સાથે ખાતરીદાયક છે.

### પ્રસ્તુત છે ટાટા રિટાયરમેન્ટ સેવિંગ્સ ફન્ડ (TRSF)

TRSF રોકાણકારોની રોકાણ આવશ્યકતાઓને પહોંચી વળે તે રીતે તૈયાર કરાયેલી યોજનાઓનું કાળજીપૂર્વક માળખાબદ્ધ સમૂહ છે. તે રોકાણકારોને તેમના જીવનના તબક્કા અને જોખમ પ્રાધાન્યને આધારે સંપત્તિ ફાળવણીની પસંદગી પ્રદાન કરીને નિવૃત્તિ નિવારણ તરીકે કામ કરે છે.

| રોકાણો | સંકેતિક ફાળવણીઓ (કુલ સંપત્તિની %)** | | જોખમ ભૂખ |
|---|---|---|---|
| | લઘુતમ | મહત્તમ | |
| **▶▶▶ પ્રોગ્રેસિવ પ્લાન** | | | |
| ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સાધનો | 85 | 100 | ઉચ્ચ |
| ડેબ્ટ અને નાણાં બજાર સાધનો | 0 | 15 | નીચીથી મધ્યમ |
| સિક્યુરિટાઈઝ્ડ ડેબ્ટમાં યોજના દ્વારા રોકાણ સામાન્ય રીતે યોજનાની ચોખ્ખી સંપત્તિના 15%થી વધુ નહીં હોય. | | | |
| **▶▶▶ મોડરેટ પ્લાન** | | | |
| ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સાધનો | 65 | 85 | ઉચ્ચ |
| ડેબ્ટ અને નાણાં બજાર સાધનો | 15 | 35 | નીચીથી મધ્યમ |
| સિક્યુરિટાઈઝ્ડ ડેબ્ટમાં યોજના દ્વારા રોકાણ સામાન્ય રીતે યોજનાની ચોખ્ખી સંપત્તિના 15%થી વધુ નહીં હોય. | | | |
| **▶▶▶ કન્ઝર્વેટિવ પ્લાન** | | | |
| ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સાધનો | 0 | 30 | ઉચ્ચ |
| ડેબ્ટ અને નાણાં બજાર સાધનો | 70 | 100 | નીચીથી મધ્યમ |
| સિક્યુરિટાઈઝ્ડ ડેબ્ટમાં યોજના દ્વારા રોકાણ સામાન્ય રીતે યોજનાની ચોખ્ખી સંપત્તિના 25%થી વધુ નહીં હોય. | | | |
| **બધી યોજનાઓ અન્ય સિક્યુરિટીઝમાં પણ રોકાણ કરી શકે છે નીચી#** | 0 | 10 | નીચી |

** રોકાણના સમયે. # અન્ય સિક્યુરિટીઝમાં સમાવેશ થાય છેઃ ડોમેસ્ટિક એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડ્સ, ઓવરસીઝ એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડ્સ/ફોરેઈન સિક્યુરિટીઝ /ફોરેઈન ફન્ડ્સ એ સેબીના નિયમન હેઠળ મંજૂર હોઈ શકે તે અનુસાર.

## અનોખી ઓટો-સ્વિચ સુવિધા

ટાટા રિટાયરમેન્ટ સેવિંગ્સ ફન્ડ અનોખી **''ઓટો-સ્વિચ''** વિશિષ્ટતા ઓફર કરે છે, જે વધતી ઉંમર સાથે ઈક્વિટી-ડેબ્ટ પ્રમાણના સમાયોજનની ઝંઝટને દૂર રાખે છે. આથી જો તમે SIP શરૂ કરો અથવા ''પ્રોગ્રેસિવ'' વિકલ્પમાં એકસામટું રોકાણ કરો અને **''ઓટો-સ્વિચ''** વિશિષ્ટતા અપનાવો તો ફન્ડ નીચે સમજાવ્યા મુજબ તમે જુદી જુદી ઉંમર પાર કરો તેમ આપોઆપ આવશ્યક સંપત્તિ ફાળવણી કરે છેઃ

1) **પ્રોગ્રેસિવથી મોડરેટ** – તમે 45 વર્ષની ઉંમરે પહોંચો એટલે સ્વિચ થાય છે.

2) **મોડરેટથી કન્ઝર્વેટિવ** – તમે 60 વર્ષની ઉંમરે પહોંચો એટલે સ્વિચ થાય છે.

જોકે ફન્ડ પસંદગીની એકલ યોજનામાં રોકાણ ચાલુ રાખવાનો વિકલ્પ પણ આપે છે.

## અનોખી ઓટો-સિસ્ટમેટિક વિથડ્રોઅલ પ્લાન (SWP) સુવિધા

રોકાણકાર નિવૃત્ત થાય એટલે તે/તેણીને ખર્ચને પહોંચી વળવા માટે નાણાંનો નિયમિત પ્રવાહ જરૂરી હોય છે. પગાર નિવૃત્તિ પછી બંધ થઈ જાય છે ત્યારે એન્યુઈટીઓ અને પેન્શન એ તેના/તેણીના નિયમિત રોકડ પ્રવાહનો મુખ્ય હિસ્સો બને છે. અનોખી **''ઓટો-એસડબ્લ્યુપી ''** તે/તેણી 60 વર્ષની થાય ત્યાર પછી નિયમિત રોકડ પ્રવાહ પૂરો પાડે તે રીતે તૈયાર કરાયું છે. **''ઓટો-એસડબ્લ્યુપી''** સુવિધાના બે વિકલ્પો છેઃ

1) **માસિક** – 60 વર્ષની ઉંમર પૂરી થવાની તારીખે રોકાણના બજાર મૂલ્યના 1%

2) **ત્રિમાસિક** – 60 વર્ષની ઉંમર પૂરી થવાની તારીખે રોકાણના બજાર મૂલ્યના 3%

આથી **''30-30'' પડકારને** પહોંચી વળવા અને **''વૃદ્ધાવસ્થાની ગરીબી''** ના છટકામાં સપડાવાનું ટાળવા માટે **''ટાટા રિટાયરમેન્ટ સેવિંગ્સ ફન્ડ''** સાથે તમારું નિવૃત્તિ નિયોજન શરૂ કરવાનું સલાહભર્યું છે.

**અમને કોલ કરોઃ 1-800-209-0101 એસએમએસ કરોઃ TMF 57575 ઉપર ઈમેઈલઃ kiran@tataamc.com વેબસાઈટઃ www.tatamutualfund.com**

• **રોકાણનો ઉદ્દેશ અને ધ્યેયઃ ટાટા રિટાયરમેન્ટ સેવિંગ્સ ફન્ડ (ટીઆરએસએફ)ઃ** ત્રણ યોજનાઓનો સમાવેશ ધરાવતું ઓપન એન્ડેડ ફન્ડઃ (ii) પ્રોગ્રેસિવ પ્લાન (ઓપન એન્ડેડ ઈક્વિટી સ્કીમ) – (ટીઆરએસએફપી). (ii) મોડરેટ પ્લાન (ઓપન એન્ડેડ ઈક્વિટી સ્કીમ) – (ટીઆરએસએફએમ). (iii) કન્ઝર્વેટિવ પ્લાન (ઓપન એન્ડેડ ડેબ્ટ સ્કીમ) – (ટીઆરએસએફસી). ફન્ડનો હેતુ રોકાણકારોને તેમનાં નિયોજનનાં લક્ષ્યોને આધારે લાંબા ગાળાની આર્થિક સુરક્ષા માટે આર્થિક નિયોજન સાધન પૂરું પાડવાનો છે. જોકે ફન્ડનો રોકાણ હેતુ હાંસલ થશે જ એવી કોઈ બાંયધરી આપી શકાય નહીં. • **ફન્ડની બધી યોજનાઓ હેઠળ એસઆઈપી અને બિન-એસઆઈપી લેણદેણો માટે લાગુ લોડ માળખુંઃ એન્ટ્રી લોડઃ** ફન્ડ હેઠળ બધી યોજનાઓ માટે લાગુ નહીં. **એક્ઝિટ લોડઃ (એ)** જો નિવૃત્તિની ઉંમરે પહોંચે ત્યારે અથવા ત્યાર પછી, એટલે કે 60 વર્ષની ઉંમરે રિડીમ/સ્વિચ–આઉટ કરાય તો – શૂન્ય. **(બી)** ''ઓટો–સ્વિચ ટ્રિગર ઈવેન્ટ''ના ઉદભવવા પર યુનિટ્સના ઓટો સ્વિચ–આઉટના કિસ્સામાં – શૂન્ય. **(સી) અન્ય કિસ્સામાં યુનિટ્સનું રિડેમ્પશન અથવા સ્વિચ-આઉટ માટે (દા.ત. ટ્રિગર ઈવેન્ટ પર ઓટો સ્વિચ-આઉટ સિવાય સ્વિચ-આઉટ અને નિવૃત્તિ ઉંમર, એટલે કે 60 વર્ષ થવા પૂર્વે રિડેમ્પશન/સ્વિચ-આઉટ) નિમ્નલિખિત એક્ઝિટ લોડ લાગુ થશેઃ** (i) જો ફાળવણીની તારીખથી 1 વર્ષ પૂરું થવા પર કે તે પૂર્વે રિડીમ/સ્વિચ–આઉટ કરવામાં આવે તો – લાગુ એનએવીના 5%; (ii) જો ફાળવણીની તારીખથી 1 વર્ષ પછી પણ 2 વર્ષ પૂરાં થવા પર અથવા તે પૂર્વે રિડીમ/સ્વિચ–આઉટ કરાય તો – લાગુ એનએવીના 4%; (એ) જો ફાળવણીની તારીખથી 2 વર્ષ પછી પરંતુ 3 વર્ષ પૂરાં થવા પર અથવા તે પૂર્વે રિડીમ/સ્વિચ–આઉટ કરાય તો – લાગુ એનએવીના 3%; (બી) જો ફાળવણીની તારીખથી 3 વર્ષ પછી પરંતુ 5 વર્ષ પૂરાં થવા પર અથવા તે પૂર્વે રિડીમ/સ્વિચ–આઉટ કરાય તો – લાગુ એનએવીના 2%; (સી) જો ફાળવણીની તારીખથી 5 વર્ષ પછી રિડીમ/સ્વિચ–આઉટ કરાય તો – લાગુ એનએવીના 1%; • **વેચાણ નવી ફન્ડ ઓફર દરમિયાન ફેસ વેલ્યુએ યુનિટ દીઠ ₹ 10/-.** • **ખાસ વિશિષ્ટતાઓઃ** ઓટો સ્વિચ સુવિધા, ઓટો એસડબ્લ્યુપી સુવિધા (નિવૃત્તિ ઉંમરે પહોંચ્યા પછી, એટલે કે 60 વર્ષ) અને એકલ ચેક સુવિધા સાથે બહુ–યોજના રોકાણ. • **પ્રવાહિતાઃ** એનએફઓ બંધ થયા પછી ફરી ખૂલવા પર ફન્ડ હેઠળ દરેક યોજના બધા કામકાજના દિવસોમાં લાગુ મુજબ એક્ઝિટ લોડને આધીન એનએવી આધારિત કિંમતે પુનઃખરીદી સુવિધા પૂરી પાડશે. • **એનએવી જાહેરાતઃ** યોજના ફરી ખૂલે પછી બધા કામકાજના દિવસોમાં. • **કાનૂની વિગતોઃ બંધારણઃ** ટાટા મ્યૂચ્યુઅલ ફન્ડ ભારતીય ટ્રસ્ટ ધારા, 1882 હેઠળ ટ્રસ્ટ તરીકે સ્થાપવામાં આવ્યું છે. • **પ્રાયોજકો અને સેટલરોઃ** ટાટા સન્સ લિ., ટાટા ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન લિ. • **રોકાણ વ્યવસ્થાપકઃ** ટાટા એસેટ મેનેજમેન્ટ લિ. • **ટ્રસ્ટીઃ** ટાટા ટ્રસ્ટી કં. લિ. • **જોખમી પરિબળોઃ મ્યૂચ્યુઅલ ફન્ડ અને સિક્યુરિટીઝમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે અને યોજનાનો હેતુ હાંસલ થશે કે કેમ તેની કોઈ બાંયધરી કે ખાતરી આપી શકાય નહીં. • સ્ટોક્સ, શેરો અને સિક્યુરિટીઝમાં કોઈ પણ રોકાણની જેમ યોજના હેઠળ યુનિટ્સની એનએવીમાં મૂડીબજારને પ્રભાવિત કરતાં બળો અને પરિબળોને આધારે વધઘટ થઈ શકે છે.** • ગત યોજનાઓ, પ્રાયોજકો કે તેની જૂથ સંલગ્નિતોની ગત કામગીરી યોજનાની ભાવિ કામગીરીનોસંકેત નથી અને તેવી કોઈ બાંયધરી પણ નથી. • **'ટાટા રિટાયરમેન્ટ સેવિંગ્સ ફન્ડ - પ્રોગ્રેસિવ પ્લાન', 'ટાટા રિટાયરમેન્ટ સેવિંગ્સ ફન્ડ - મોડરેટ પ્લાન' અને 'ટાટા રિટાયરમેન્ટ સેવિંગ્સ ફન્ડ - કન્ઝર્વેટિવ પ્લાન' એ ફન્ડ હેઠળ સ્કીમ/પ્લાનનાં ફક્ત નામો છે અને કોઈ રીતે ફન્ડ/પ્લાન્સની ગુણવત્તા, તેની ભાવિ તકો કે વળતરોનો સંકેત નથી.** • મ્યૂચ્યુઅલ ફન્ડ દ્વારા સિક્યુરિટીઝમાં રોકાણો સાથે ટ્રેડિંગ વોલ્યુમો, પતાવટ જોખમ, ડિફોલ્ટ જોખમ સાથે મૂળ રકમને નુકસાન જેવાં જોખમો સંકળાયેલાં હોય છે. • પ્રાયોજકો મ્યૂચ્યુઅલ ફન્ડની સ્થાપના માટે ₹ 1 લાખનો આરંભિક યોગદાન સિવાય ફન્ડની કામગીરીમાંથી પરિણમનારા કોઈ પણ નુકસાન માટે જવાબદાર કે ઉત્તરદાયી નહીં રહેશે. • ડેરિવેટિવ્ઝનો ઉપયોગ કરવાનાં જોખમોમાં કાઉન્ટર–પાર્ટી જોખમ, મિસ–પ્રાઈસિંગ અને ડેરિવેટિવ્ઝ અંતર્ગત અસ્કયામતો, દરો અને ઈન્ડાઈસીસ સાથે અનુરૂપ રીતે સહસંબંધ ધરાવવાની અસક્ષમતાના જોખમનો સમાવેશ થાય છે. • દરિયાપારની સિક્યુરિટીઝમાં રોકાણ અને દરિયાપારમાં રોકાણો હૂંડિયામણમાં વધઘટ, રિપેટ્રિયેશનને નિયંત્રિત, નિયમનમાં ફેરફાર, રાજકીય, આર્થિક અને સામાજિક અસ્થિરતા અને સંબંધિત સીમામાં પ્રવર્તમાન કર કાયદાઓ જેવાં વિવિધ જોખમોને આધીન હોય છે. • સિક્યુરિટાઈઝ્ડ ડેબ્ટમાં રોકાણ પૂર્વચુકવણી જોખમ, પ્રવાહિતા જોખમ, મર્યાદિત રિકોર્સ અને ઋણ જોખમ, ફડચાનું જોખમ અને કો–મિન્ગ્લિંગનું જોખમને આધીન હોય છે. • **યોજના રોકાણકારોને કોઈ પણ વળતરોની ખાતરી/બાંયધરી આપતી નથી. કૃપા કરીને પ્રવર્તમાન કર કાયદાઓની ઉપલબ્ધતા સંબંધે તમારા કર સલાહકારની સલાહ લો. યોજના વિશિષ્ટ જોખમનાં પરિબળો અને અન્ય વિગતો માટે કૃપા કરીને યોજનાનાં સ્કીમ ઈન્ફોર્મેશન ડોક્યુમેન્ટ (એસઆઈડી), કી ઈન્ફોર્મેશન મેમોરેન્ડમ (કેઆઈએમ) અને સ્ટેટમેન્ટ ઓફ એડિશનલ ઈન્ફોર્મેશન (એસએઆઈ) રોકાણ કરવા પૂર્વે કાળજીપૂર્વક વાંચી લો. સ્કીમ ઈન્ફોર્મેશન ડોક્યુમેન્ટ (એસઆઈડી) અને અરજી પત્રકો માટે કૃપા કરીને તમારા નજીકના કલેકશન સેન્ટર/એએમસી કચેરીનો સંપર્ક સાધો.**